# પ્રકરણ: ૩ : રમણલાલ વ. દેસાઇની નવલકથાઓમાં ભારતીયતાનાં પરિમાણો

૩:૧ ભૂમિકાઃ ગોવર્ધનરામથી ર. વ. દેસાઇ સુધી- સમયસંદર્ભ

૩:૨ ર.વ.દેસાઇની કેટલીક નવલકથાઓનું સંક્ષિપ્ત કથાનકઃ

- ‘કોકિલા’
- ‘દિવ્યચક્ષુ’
- ‘ભારેલો અગ્નિ’
- ‘ગ્રામલક્ષ્મી ’- ભાગ ૧થી૪

૩:૩ આ નવલકથાઓમાં મહત્ત્વનાં ઘટકો :

- દેશ-રાષ્ટ્ર, સ્વતંત્રતા માટેની મથામણ
- ગૃહ – કુટુંબ-સમાજ
- ધર્મ-અધ્યાત્મ, સંસ્કૃતિ ચિંતન

૩:૪ ભારતીયતાનાં તત્ત્વોઃ

- અનેકતામાં એકતા
- માનવતાવાદી વલણ-આદર્શનિરૂપણ

૩:૫ સમગ્રલક્ષી ચર્ચા- ભારતીયતાનાં પરિમાણો

# પ્રકરણ:૩: રમણલાલ વ. દેસાઈની નવલકથાઓમાં ભારતીયતાનાં પરિમાણો

## ૩:૧: ભૂમિકા: ગોવર્ધનરામથી ર.વ.દેસાઇ સુધી-સમયસંદર્ભ.

અગાઉના પ્રકરણમાં ગોવર્ધનરામકૃત 'સરસ્વતીચંદ્ર'માં ભારતીયતાનાં પરિમાણો કેવી રીતે ઊપસ્યાં છે. તેની મેં વિગતે સાધાર ચર્ચા કરી છે. ભારતીયતા એ એવો વિભાવ નથી જેને આપણે રાજકીય કે સામાજિક સીમાઓમાં પરિવર્તન આવે તો બદલી શકીએ. આવા અપરિવર્તનશીલ તત્ત્વને ભારતવર્ષના સાકિત્યકારો, કળાકારો, વિચારકો અને ચિંતકોએ પોતપોતાની રીતે ઓળખાવ્યો છે. ભારતવર્ષનો ચોકક્સ ભૂ-ભાગ એ 'ભારતીયતા' નથી 'ભારતીયતા'એ 'ભારતનો નાડી ધબકાર છે', 'એનો પ્રાણ છે', 'એનો મૂળભૂત આત્મા છે.' ભારત જેવા બહુભાષિક અને બહુસાંસ્કૃતિક રાષ્ટ્રમાં આપણને એના અનેક સમૃદ્ધ-સંકુલ રૂપો મળ્યાં છે ગોવર્ધનરામ જેવા મનીષીએ 'સરસ્વતીચંદ્ર' નિમિત્તે પોતાના સમયની સંસ્કૃતિનું બહુવ્યાપી વિમર્શન કરતાં કરતાં ભારતીયતાનાં સહજ સ્ફૂર્ત અનેક અર્થ સંદર્ભો દર્શાવ્યા છે.ભારતવર્ષના આ સંસ્કારને ગુજરાતી સાહિત્યમાં અન્ય નવલકથાકારોએ પોતાની નવલકથાઓ દ્વારા ઊપસાવ્યાં છે. મેં અહીં મારા અભ્યાસમાં ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથા પછી ગુજરાતી ભાષાના યુગમૂર્તિ સર્જક તરીકે પોંખાયેલા રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથાઓનો અભ્યાસ સાભિપ્રાય રૂપે રજૂ કર્યો છે. 'સરસ્વતીચંદ્ર' અને ર.વ.દેસાઈની નવલકથામાં ભારતીયતાનાં કેટલાંક તત્ત્વો સમાંતરે આલેખાયેલાં જોવા

મળે છે.એ પ્રકારના અભ્યાસને રજૂ કરવાનો હેતુ હોવાથી હવે હું રમણલાલ વ. દેસાઈની કેટલીક નવલકથાઓમાં ભારતીયતાનાં પરિમાણો કેવી રીતે પ્રકટ થયાં છે. તેની ચર્ચા પર ધ્યાન કેન્દ્રિત કરીશ.

ગોવર્ધનરામ અને કનૈયાલાલ મુનશીની નવલકથાઓને ગુજરાતી પ્રજામાં કથારસ માટેની જિજ્ઞાસા જગાડી હતી. રમણલાલના સમય દરમ્યાન અર્થાત્ ૨૦મી સદીના ત્રીજા દસકા દરમિયાન મહાત્મા ગાંધીનો પ્રભાવ સમગ્ર દેશ ઉપર ઝડપી ફેલાઈ રહ્યો હતો. પ્રજાજીવનમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની ધખના જાગી હતી. યુવાનો-અબાલવૃદ્ધ સૌએ ઉત્સાહપૂર્વક સ્વાતંત્ર્યપ્રાપ્તિના આંદોલનમાં ઝંપલાવ્યું હતું. એક બાજુ ગાંધીવિચારધારા અને બીજી બાજુ સામ્યવાદી વિચારણાનો પ્રભાવ દેશના પ્રજાજનોની જેમ ગુજરાતી પ્રજા ઉપર પણ વધતો જતો હતો. રમણલાલે પોતાની નવલકથાઓના માધ્યમે ગાંધીકથિત વિચારમૂલ્યો અને સમાજના સમકાલીન પ્રશ્નોને રજૂ કરવાનું જાણે કે પ્રણ લીધું. સરકારી નોકરી નિમિત્તે રમણલાલને હિંદનું ગામડું સૌ પ્રથમવાર એકદમ નજીકથી જોવા મળ્યું અને ગ્રામ જીવનના પ્રશ્નોનો પરિચય તેમને નજીકથી થયો. સાહિત્યરસિક પિતાનો સંસ્કાર વારસો અને લોકસંપર્ક તથા ગાંધીજીનો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેનો કાર્યક્રમ તેમના નવલકથા લેખનના મહત્ત્વના શ્રોત બની રહે છે.

રમણલાલ પોતાના પુરોગામી નવલકથાકારોની સમૃદ્ધિ અને મહત્તાથી જ્ઞાત  હતા.એ વારસાની સાથોસાથ ગૂર્જર ભૂમિ સાથે વણાયેલો એમણો હૃદયતંતુ નવલકથા લેખનને પ્રેરવામાં મહત્વનો બની

રહે છે.પોતાના સમય સંઘર્ષને આત્મસાત્ કરવાનો તેમનો પ્રયત્ન એમના નવલકથા લેખનમાં અન્ય સ્વરૂપોની તુલનામાં વધારે સફળ બને છે. ગાંધીજીએ સ્વાતંત્ર્ય પ્રાપ્તિની પોતાની ચળવળમાં દેશપ્રેમ, સેવાવૃત્તિ, કર્તવ્યનિષ્ઠા, સામાજિક નિસબત, વ્યકિત સ્વાતંત્ર્ય, અહિંસા, સેવાધર્મ, સત્ય-પરાયણતા જેવાં મૂલ્યોની હિમાયત કરી છે અને એનો પ્રભાવ ભારતના અનેક કર્મશીલો, વિચારકો અને કળાકારો ઉપર પડયો છે. ગાંધીજીએ આ બધાની ઉપર માનવપ્રેમને બહુ મહત્ત્વ આપ્યું છે. રમણલાલ ગાંધીજીની આ ભાવનાઓને પોતાની કૃતિઓમાં કેવી રીતે સાકાર કરે છે તે જોઈએ.

અહીં મેં રમણલાલ દેસાઈની કેટલીક નવલકથાઓ -'કોકિલા', 'દિવ્યચક્ષુ','ભારેલો અગ્નિ','ગ્રામલક્ષ્મી'-ભાગ-૧થીં ૪ આ નવલકથાઓનો સમાવેશ મારી ચર્ચામાં કર્યો છે. નવલકથાકાર રમણલાલના ભારતીયતા વિષયક વિભાવના મોટેભાગે આ નવલકથાઓનું ભાવવિશ્વ કરાવે છે.

### ૩:૨: ર.વ.દેસાઇની કેટલીક નવલકથાઓનું સંક્ષિપ્ત કથાનકઃ-

**'કોકિલા'**

રમણલાલને સમાજજીવનના સ્થૂળ પ્રશ્નોના નિરાકરણમાં રસ નહોતો. પરંતુ માનવ માનવ વચ્ચેના પ્રેમ અને સંવેદનાનાં વિવિધ રૂપો દર્શાવવામાં રસ હતો. એમની નવલકથા 'કોકિલા'નો નાયક દેશસેવાનો મનસૂબો ધરાવે છે. આથી તે વ્યવહારમાં પણ સિદ્ધાંતનિષ્ઠ અને પરિશુદ્ધ આચરણ રાખે છે. વ્યવસાયે પત્રકાર નાયક જગદીશ જીંદગીની અનેક તડકી છાંયડી જોઈ ચૂકયો છે. એના આદર્શોને લીધે એ

ક્યાંય ઠરીઠામ થઈ શકતો નથી. જગદીશ જગતના અન્યાય અને અત્યાચારને સહી શકતો નથી ત્યારે જગતવેરી બનવાનો નિશ્ચિય કરે છેઃ "દોષોને તેમ ઢાંકી શકો તો તમે દૂષિત નથી"[1] એવા આવેશમાં આવીને વિજયા જેવી પરસ્ત્રીનું આકર્ષણ અનુભવે છે. જગદીશની પત્ની કોકિલા પ્રેમાળ, ઉદાર અને ત્યાગશીલ છે. એના સમગ્ર સંવિદ્‌માં જગદીશ છવાઈ ગયેલો છે. પતિ માટેના સ્વાપર્ણમાં તે પોતાના જીવનની ઈતિશ્રી જુએ છે. આવી પ્રેમાળ પત્ની કોકિલાની હૂંફ જગદીશને જીવન ઝંઝાવાતોની સામે ટકી રહેવાનું બળ આપે છે. જગદીશ ઉપરાંત નવલકથાના ખલનાયક જેવા નાથબાવા ઉપર કોકિલાનાં નિઃસ્વાર્થ અને શાલીન વ્યવહારનો પ્રભાવ પડે છે અને તે આપઘાતને માર્ગેથી પાછો ફરે છે જીવનનાં વિવિધ પાસાઓને ક્રમક્રમે પ્રકટ કરીને રમણલાલે આ નવલકથામાં મનોવૃત્તિઓના સંઘર્ષને પોતાની નવલકથા વડે ચરિતાર્થ કર્યો છે. માનવપ્રેમના અસદ્‌ અંશોનું નિવારણ કરીને વિશુદ્ધ વાતાવરણ કેવી રીતે રચે છે. તે આ નવલકથાના સંપર્કમાં મૂકાતા સ્પષ્ટ થાય છે. પ્રેમમાં વેર હોય જ નહિ; આત્મભોગ હોય, સ્વાર્થની પાળ પ્રેમ આડે બંધાય જ નહિ."[2] જેવા વિચારો પ્રેમના મહિમાનો ભાવબોધ કરાવે છે.

૩ઃ૨ઃ **'દિવ્યચક્ષુ'** :

'દિવ્યચક્ષુ'ના નાયક અરુણને ગાંધીકથિત અહિંસામાં શ્રદ્ધા નથી. હિંસા વિના સ્વરાજ મળશે નહિ. એવી એની પ્રબળ આસ્થા હતી તેમ છતાં તે ધ્વજ આગળ ઊભા રહીને અહિંસક યુદ્ધ લડવાની પ્રતિજ્ઞા લે છે તે ઘટનાથી આ કૃતિનો આરંભ થાય છે. એક પ્રયોગ તરીકે સાધુ

જીવન જીવતા જનાર્દન પાસે એ અહિંસાની તાલીમ લેવા અરુણ એના આશ્રમમાં જોડાય છે. જનાર્દને સ્વેચ્છાએ સાધુજીવન સ્વીકાર્યું ન હતું. એના જીવનની નિષ્ફળતાને કારણે એ સાધુ બનીને આશ્રમમાં જોડાય છે. જનાર્દન શ્રીમંત ધનસુખલાલને ત્યાં શિક્ષક હતો તે દરમિયાન એમની દીકરી સુશીલા સાથે એનો સંબંધ બંધાય છે અને અનૌરસ સંતાન જન્મે છે. હરિજનવાસમાં એ બાળકનો ઉછેર થાય છે આ ઘટનાને લીધે સુશીલાના મનમાં પુરુષજાતિ પ્રત્યે ધિક્કારની ગ્રંથિ બંધાય છે. પોતાના પરિવારની કન્યા પુષ્પાને આ બાળવિધવા સુશીલા પોતાની દીકરીની જેમ પૂરતી કાળજી સાથે ઉછેરે છે. સરળ સાંદગી ભર્યું જીવન પસંદ કરતી પુષ્પા ભાવનાશાળી વીર યુવાન અરુણના પ્રેમમાં પડે છે. અહીં બીજુ કુટુંબ છે કૃષ્ણકાંતનું. અંગ્રેજી રીતરિવાજો અને સંસ્કાર અપનાવીને રહેતા કુટુંબમાં ચંચળ, ફૂલફટાક લાગતી રંજન અરુણ પ્રત્યે આકર્ષાય છે. અરુણ પ્રત્યેનો પ્રેમ અને જનાર્દનની પ્રેરણાથી દેશસેવાની પ્રવૃત્તિમાં તે ભાગ લે છે. લેખકે અહીં સત્યાગ્રહ પ્રવૃત્તિનો સમય પસંદ કર્યો છે તે સમયનું સુરેખ વાતાવરણ છે. રાષ્ટ્રીય આંદોલનની ભૂમિકા ઉપર બન્ને પાત્રોનો આંતરવિકાસ અહીં દર્શાવ્યો છે. સમય જતાં અરુણની પરોપકારી પ્રકૃતિને લીધે અરુણ આંખો ગુમાવે બેસે છે. અરુણ હૉસ્પિટલમાં સતત રંજનનું સ્મરણ કર્યા કરે છે. શરૂઆતમાં ચંચળ લાગતી રંજન સમય જતાં ત્યાગવૃત્તિ અને સ્નેહભાવના ધરાવતી પ્રતિબદ્ધ સ્ત્રી બને છે. અરુણ રંજનનું સતત સ્મરણ કરે છે એ જોઈને અરુણના એકપક્ષી પ્રેમમાં રત પુષ્પા સમજપૂર્વક પોતાના પ્રેમને ત્યાગની વેદી ઉપર ચઢાવીને અરુણની સોંપણી રંજનને કરે છે. અરુણના આત્મહત્યાના પ્રયાસને રંજન

નિષ્ફળ બનાવે છે. રંજનની પ્રેરણા અરુણના જીવનમાં નવું ચેતન પ્રગટાવે છે. સાચા અર્થમાં તે અરુણની સહધર્મચારિણી બની રહે છે. આમ 'દિવ્યચક્ષુ'માં નવલકથાકારે નાયક-નાયિકાની આંતરયાત્રાનો વિકાસ દર્શાવ્યો છે અને અરુણના ચક્ષુ ગયાં એ કરૂણાંતમાં માંગલ્યનો નિહિત તાંતણો સફળતાપૂર્વક ગૂંથી લીધો છે. અહીં જનાર્દન, સુશીલાના સંબંધોની વિષમતા, અરુણ-પુષ્પાના સંબંધોમાં રહેતું ત્યાગ-સમર્પણ અને અરુણ રંજનનો સુખી મધુર સખ્યભાવ આલેખી નવલકથાકાર કુટુંબ જીવનનું ચિત્ર આપે છે.

### ૩ઃ૨ઃ 'ભારેલો અગ્નિ'

'ભારેલો અગ્નિ' એ રમણલાલની નવી તરાહ પ્રગટ કરતી નવલકથા છે. આ નવલકથામાં એમણે ૧૮૫૭ના સંગ્રામની ભૂમિકા પસંદ કરી છે એ સંગ્રામમાં આપણા દેશના નવયુવાનોએ કેવી ખુમારી, શૂરવીરતા અને ખેલદિલી દાખવ્યા હતા તેનો પ્રેરક ચિતાર છે. આ નવલકથાના કથાનકના કેન્દ્રમાં નાયક રુદ્રદત્તની પાઠશાળા છે. રુદ્રદત્ત એક સમયે શસ્ત્રધારી હતાં પરંતુ ભારતીય પરંપરા અને ગાંધીવિચારધારાનું જ્ઞાન થતાં સમયાન્તરે તેમણે યુદ્ધની નિરર્થકતા સમજાય છે તેથી એ એક ગામમાં પાઠશાળા સ્થાપીને સ્થિર થાય છે. આ પાઠશાળામાં તેની પૌત્રી કલ્યાણી, અનાથપુત્ર ગૌતમ, ત્ર્યંબક, મંગલપાંડે અને અન્ય વિદ્યાર્થીઓ વિદ્યાઅભ્યાસ કરે છે. પાઠશાળાની નજીક ખ્રિસ્તી ધર્મના ઉપાસક પાદરી જૉનસન - યુવાનસેન અને તેની પુત્રી લ્યૂસી-લક્ષ્મી રહે છે. આ ઉપરાંત ૧૮૫૭ના ઐતિહાસિક સંઘર્ષ સાથે પ્રત્યક્ષ રૂપે સંકળાયેલા તાત્યાટોપે, લક્ષ્મીબાઈ, મંગલપાંડે,

ગૌતમ વગેરે જેવાં પાત્રો અહીં ઉમેરાય છે. કેટલાંક બ્રિટિશ પાત્રો પીટર્સ, જેકસન, હેનરી વગેરેનો અહીં ઉલ્લેખ મળે છે. કથા સર્જકે અહીં એક બાજુ ગૌતમ-કલ્યાણી, ત્ર્યંબક-લ્યૂસી વચ્ચે વિકસતા પ્રેમની કથા આલેખી છે. બીજી બાજુ ૧૮૫૭ના મુક્તિસંગ્રામની આસપાસ વણાયેલી સંઘર્ષકથા છે તો ત્રીજી બાજુ ઉપર નિર્દેશી છે તેમ રુદ્રદત્તના પાત્ર દ્વારા અહિંસાનો મહિમા દર્શાવતી કથા છે. અર્થાત્‌ઐતિહાસિક કાલ્પનિક અને અર્ધઐતિહાસિક પાત્રો અને બનાવો દ્વારા એક રાષ્ટ્રીય ઘટનાને નવલરૂપ આપવાનો એમનો પ્રયત્ન છે.

૩ઃ૨ઃ 'ગ્રામલક્ષ્મી'-ભાગ ૧ થી ૪ઃ

'ગ્રામલક્ષ્મી'-ભાગ૧થી૪ ગાંધીજીના ગ્રામોદ્ધાર અને રાષ્ટ્રોદ્ધાર ની ભાવનાને વિશાળ ફલક ઉપર આલેખાયેલી નવલકથા છે. આ નવલકથાનો નાયક અશ્વિન છે. જેને આદર્શ ગ્રામસેવક બનીને ગાંધીજીના ગ્રામોદ્ધારના આદર્શને પ્રત્યક્ષરૂપ આપવાનો સંકલ્પ સેવ્યો છે. એંજિનિયર બનેલો નોકરી ન મળતાં નાસિપાસ થયેલો અશ્વિન પોતાને ગામડે પાછો આવ્યો અને થોડા માનસિક સંઘર્ષ પછી ગ્રામલક્ષ્મીની પ્રેરણાથી ગ્રામોદ્ધારના કાર્યમાં જોડાઈ ગયો. તે ગ્રામજીવનનો આનંદ લે છે. ગ્રામખેડૂત સાથે જોડાય છે. ત્યાં જાત મહેનતનું શિક્ષણ લે છે. તેની પત્ની કુસુમ તેના ઘરને અરીસા જેવું સ્વચ્છ રાખીને સ્વચ્છતા અને સુઘડતાનો નમૂનો પૂરો પાડે છે. અશ્વિનના વિરોધી રામરાય અનેક દુર્ગુણોથી ભરેલો છે. અશ્વિનના સમભાવની તેમના ઉપર પહેલા તો અસર થતી નથી પણ એકવાર ચોરના ઘાતકી હુમલામાંથી અશ્વિને તેમને બચાવ્યા પછી તેમનામાં

પરિવર્તન આવે છે. અશ્વિન મહેરુને અને શમ્સને રચનાત્મક પ્રવૃત્તિ તરફ વાળે છે. વરસાદના વખતમાં તળાવની પાળ તૂટે છે ત્યારે ગામલોકો આવે તે પહેલાં અશ્વિન પોતે પાળની મરમ્મત કરે છે. બાવાજી જેવા ગુનાહિત કામ કરતાં માણસો અને ભ્રષ્ટાચારી પોલીસ અધિકારીઓ સામે ટક્કર ઝીલીને અરુણ ગ્રામજનોની અપાર સહાનુભૂતિ મેળવે છે. છેવટે તે પકડાય છે ને જેલમાં જાય છે ત્યારે ગ્રામજનો તેનો સમગ્ર કાર્યક્રમ સ્વેચ્છાએ ઉપાડી લે છે. 'ગ્રામલક્ષ્મી' નવલકથાનો નાયક અશ્વિન તેની પત્ની કુસુમ પ્રણય ત્રિકોણનો લગભગ એક ખૂણો બનતા રહી ગયેલી અશ્વિનની બાળપણની સખી તારા, ચોરમાંથી ગ્રામસેવામાં અશ્વિનનો સાથી બનેલો મહેરુ, અશ્વિનનો સામ્યવાદી મિત્ર ચન્દ્રાનન વગેરે ગ્રામસુધારણાનો કાર્યક્રમ સફળ બનાવનાર આ કૃતિના મુખ્ય પાત્રો છે. સ્વચ્છતા, અંગ મહેનત, સ્વાશ્રય, અહિંસા, શિક્ષણ, આરોગ્ય, રૂઢિચુસ્તતાનો ત્યાગ, પરસ્પર સ્નેહ અને સહકારની ભાવના ગામડાંને ગોકુળ બનાવનારો ગ્રામસુધારણાનો કાર્યક્રમ છે. લેખક ગ્રામલક્ષ્મીની મૂર્તિ એમાંથી ઊપસાવવા મથે છે.

## ૩:૩: આ નવલકથાઓમાં મહત્વનાં ઘટકો:- દેશ-રાષ્ટ્ર-સ્વતંત્રતા માટેની મથામણ

અહીં રમણલાલ દેસાઈની કેટલીક નવલકથાઓનાં કથાનકનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. હવે આ નવલકથાઓમાં ભારતીયતાનાં ઘટકો - ગાંધીયુગીન રાજકીય પરિવેશ, કુટુંબ, ગૃહ, સમાજનો પરિવેશ, ધર્મતત્ત્વ, માનવપ્રેમ અને સંસ્કૃતિ વગેરેનો ક્રમશઃ વિચાર

વિમર્શ કર્યા પછી આ ભારતીયતાનાં તત્ત્વોની સમગ્રલક્ષી ચર્ચાનો ઉપક્રમ રાખ્યો છે.

રમણલાલ દેસાઈની નવલકથા લેખન યાત્રા દરમિયાન સ્વતંત્રતાનું આંદોલન સમગ્ર દેશમાં ચાલતું હતું. દેશમાં અને ગુજરાતમાં સ્વરાજ્ય પ્રાપ્તિની ઝંખના, ગ્રામોદ્ધાર, રાષ્ટ્રોન્નતિ, સામાજિક પરિબળ, સાંસ્કૃતિકબળો, વ્યાપક ધર્મભાવના વગેરે પરિબળો એ રીતે દેશમાં પ્રવર્તતા હતા કે જેના પ્રભાવમાંથી કોઈ સંવેદનશીલ વિચારક અને સર્જક અલિપ્ત ન રહી શકે. આપણે આગળ જોયું છે એ રીતે રમણલાલની નવલકથાઓમાં ગાંધી વિચારને સમાંતરે સામ્યવાદના સિદ્ધાંતોનો પ્રભાવ વર્તાય છે. આ સામ્યવાદ સમાજની વાસ્તવિક પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા પછી એમણે સમાજ વિશેનું જે દર્શન લાધ્યું છે તેનાથી પ્રેરાયેલો સામ્યવાદ જણાય છે. શરૂઆતમાં રમણલાલ સામ્યવાદી સિદ્ધાંતોના અનુસરણ માટે દ્વિધા અનુભવતા હતા પરંતુ પછી તેઓ સામ્યવાદને પોતાની રીતે સમજ્યા ઉપર જોયું તેમ એમણે પોતે સામ્યવાદનું પોતીકું દર્શન રજૂ કર્યું છે. તે રીતે રાજકીય દષ્ટિએ એમની કૃતિઓમાં કેવાં કેવાં પડાવ આવે છે તે જોઈએ.

'દિવ્યચક્ષુ'માં રમણલાલે રાજકીય પ્રશ્નની સાથે જ રાષ્ટ્રીય ઉત્થાન માટે મહત્ત્વનો એવો અસ્પૃશ્ય નિવારણનો પ્રશ્ન વણી લીધો છે. અરુણ અને રંજનની મુખ્ય કથા રાષ્ટ્રીય આંદોલનની ભૂમિકા ઉપર વિકસે છે. શરૂઆતમાં અરુણ અહિંસામાં શ્રદ્ધા ધરાવતો નથી. પરંતુ જેમજેમ એના જીવનમાં ચઢાવ ઉતાર આવે છે. તેમ તેમ એ અહિંસાને

સ્વીકારતો થાય છે. અહિંસા વિચારનું આલંબન લઈને વિચારતા જનાર્દન અને અરુણની વિચારણા મળે છે તથા એ વિચારણાને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પુષ્ટિ મળે છે. એવી આશ્રમજીવન, ચિત્રાવલી, પ્રતિજ્ઞા, હરિજનઉદ્ધાર, અવૈર વગેરે દ્વારા એનું પ્રગટીકરણ થાય છે. અરુણની અહિંસા પ્રત્યેની આસ્થા દઢ બને છે. એમાં આશ્રમજીવન ઉપરાંત અરુણ, રંજન અને પુષ્પાના પ્રણય ત્રિકોણની વિવિધ અવસ્થાઓનાં બળે. નવલકથાની  ઘટનાઓ દ્વારા એમને અહિંસાની ભાવનાને ઊપસાવી છે. અરુણ અને જનાર્દનનો પરિચય થતાં જનાર્દનની સફાઈ, કાંતણ, હરિજન ઉદ્ધાર, સરઘસના કાર્યક્રમવાળી અહિંસા તેને મોળી લાગે છે કેમ કે અરુણે બનારસના ક્રાંતિકારી વાતાવરણના અગ્નિઘૂંટ પીધા છે. પરંતુ જયારે કિશનને માર પડે છે, ત્યારે અરુણ પોતાના ક્રોધ ઉપર કાબૂ મેળવે છે. લાઠી મારની ઘટના બની જેમાં તેની સહનશીલતા વધુ ઘૂંટાય છે. આ બન્નેમાં એના વ્યકિતત્વની કસોટી થાય છે. પણ જયારે આગનો પ્રસંગ છે ત્યારે એનો ક્રોધ અને સહનશીલતા ઉપરાંત દુશ્મન પર પણ પ્રેમ કરવો અને તેને માટે જીવન હોમવા તત્પર રહેવું એવો એનો  સંકલ્પ રજૂ થાય છે. જયાં એની અહિંસા ક્રિયાત્મક સ્વરૂપમાં ફેરવાઈ જાય છે. અરુણની આત્મ પ્રતીતિમાંથી જે શ્રદ્ધા જાગે છે તે એને અહિંસાના તાત્વિક રૂપનો સાક્ષાત્કાર કરાવે છે આ અહિંસાના  સાક્ષાત્કારમાં સમાંતરે પ્રણય કથા પણ વિકસે છે. કિશનને માર પડે એ પસંગના આલેખનમાં અસ્પૃશ્યતા નિવારણનો મુદ્દો લેખકે એની સાથે ગૂંથી લીધો છે. ઉપરાંત કૃષ્ણકાંત સુરભિ, રંજનના પરિવારનું વાતાવરણ અને જે રીતે કૃષ્ણકાંત પશ્ચિમી શૈલીના જીવનચક્રમાંથી ધીમે ધીમે મુકત થઈને આશ્રમ પ્રવૃત્તિ પ્રત્યે

આર્કષાય છે. એ વિચાર તણખો આ નવલકથાના સામાજિકરૂપ ઉપરાંત એના રાજકીય સંદર્ભોને એના પાસાને પ્રગટ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. લેખકે કથાવસ્તુના તાણાવાણાને પરસ્પર એવી રીતે ગૂંથ્યા છે કે એમાંથી એના રાજકીય પોતની ઘટ્ટ ગૂંથણી રચાય છે.

૩ઃ૩ઃ ગૃહ,કુટુંબ-સમાજ

જનાર્દન સુશીલાનો ભૂતકાળ, ઘનાભગત, ચુસ્ત વૈષ્વણના ઘરના મંદિરમાં હરિજનો, વિધર્મીઓનો પ્રવેશ, કિશનનો ધનસુખલાલના ઘરમાં પ્રવેશ, ધનસુખલાલ કૃષ્ણકાંતના પારિવારિક સંબંધો, અરુણનો મિત્ર રહિમ, જેલરનું કુટુંબ વગેરે વગેરે ઘટનાતંતુઓ 'દિવ્યચક્ષુ'માંના અહિંસા વિચારના પ્રેરક પોષક બન્યાં છે "પ્રતિજ્ઞા" થી "સરઘસ" સુધીનો કથાવણાટ રાષ્ટ્રીય ઉત્થાન માટેની લેખકની ભાવનાના દ્યોતક બને છે અને એમાંથી એક યુગચિત્ર રચાતું જોઈ શકાય છે. નવલકથાના મોટાભાગના પાત્રો અંગ્રેજી શાસન સામેની સત્યાગ્રહની લડતને દેશની સમગ્ર પરિસ્થિતિના નવા સંદર્ભે જોતાં થાય છે અને એમના હૃદય પરિવર્તન થાય છે. લેખકે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામના વિપ્લવને 'ભારેલો અગ્નિ' નવલકથાની પાશ્ચાતભૂમિ બનાવી છે આ સંગ્રામમાં ભારતીય પ્રજા પ્રત્યે અંગ્રેજાનો ભેદભાવ અને તેમનાં શાસક તરીકેના રૂઆબનું વર્ણન મળે છે. અંગ્રજો અને ભારતીય પ્રજાના સંઘર્ષને અહિંસા, નિઃશસ્ત્રીકરણ અને સ્ત્રી સન્માનની ભાવનાઓના આલેખન દ્વારા લેખક રુદ્રદત્તના પાત્રને રચે છે. ગાંધીવિચાર પ્રેરિત અહિંસા અને સત્યાગ્રહ દ્વારા ભારતીય પ્રજાના

માનસને ચરિતાર્થ કરવાનું નવલકથાકારે બીડું ઝડપ્યું છે.'દિવ્યચક્ષુ'ની જેમ 'ભારેલો અગ્નિ'માં ગૌતમ અને કલ્યાણીની વિશુદ્ધ પ્રણય કથા આલેખી છે.

૩ઃ૩ઃ ધર્મ-અધ્યાત્મ-સંસ્કૃતિચિંતન

નવલકથાના નાયક ક્રાંતિવીરોના આચાર્યપદે બિરાજે છે આ પાઠશાળામાં વિપ્લવનો મુખ્ય સૂત્રધાર નવયુવાન ક્રાંતિકારી ગૌતમને શોધવા યુરોપીયન અમલદારોની સૈન્ય ટૂકડી આવે છે. રુદ્રદત્ત આંગણે આવેલા દુશ્મનની સાથે મિત્ર જેવો વર્તાવ કરે છે જયારે બ્રિટિશ અમલદારો રુદ્રદત્ત સાથે ઉદ્ધતાઈ કરે છે. પાઠશાળાના અન્ય વિદ્યાર્થીઓ સહિત ત્ર્યંબક તેનો વિરોધ કરે છે. અમલદાર રુદ્રદત્તની સામે પિસ્તોલ તાકીને ઊભા છે અને તે લોકો પચ્ચીસનો આંકડો ગણે ત્યાં સુધીમાં ગૌતમની માહિતી આપવાની ધમકી આપે છે. પરંતુ પચ્ચીસ ગણાતા પૂર્વે ધડાકો થાય છે અને પિસ્તોલ તાકનાર મૃત્યુ પામે છે. એ દરમિયાન પાઠશાળાની નજીક રહેતા પાદરી જૉન્સન રુદ્રદત્તનો સાચો પરિચય આપીને રુદ્રદત્તને અમલદારોના સકંજામાંથી છોડાવે છે. એ દરમિયાન રુદ્રદત્તની જાણ બહાર એમની પૌત્રી કલ્યાણીએ અચાનક આવી પહોંચેલા ગૌતમને ઘાસની ગંજી નીચે સંતાડયો હતો. આ ઘટનાની જાણ રુદ્રદત્તને થાય છે ત્યારે તેઓ પોતાની સત્યપ્રિયતાને કારણે ગૌતમને સામે ચાલીને અંગ્રેજ અમલદારને સોંપે છે. ગાંધીજીએ એક ક્રાંતિકારીને બ્રિટિશરોને સોંપ્યો હતો એ વાતનું અહીં સ્મરણ થાય છે. આમ આ પ્રકારનો આરંભ વાચકને જિજ્ઞાસા જગાડે છે. દરમિયાન ગૌતમનું પુનરાગમન થાય છે. રશિયા સાથેનું યુદ્ધ અને ૧૮૫૭ના

યુદ્ધમાં બ્રિટિશરોના પક્ષે રહીને લડતાં ગૌતમ અને મંગલપાંડે પોતાના અદ્‌ભૂત પરાક્રમો દેખાડે છે. બ્રિટિશ અધિકારી પીટર્સ બંનેથી પ્રભાવિત થાય છે. તેથી જૅકસન નામનો બ્રિટિશ અફસર ચિડાય છે અને જૅકસન અને મંગલપાંડે વચ્ચે દ્વંદ્વ થાય છે. એ દ્વંદ્વમાં ગૌતમ ઝંપલાવે છે. આથી બંને ને ફાંસીની સજા ફરમાવાવામાં આવે છે. પરદેશની ભૂમિ પર ભારતીય સૈનિકને મોતની સજા આપવામાં આવે તો ભારતીય સૈનિકને અસંતોષ જાગશે એવી દહેશતથી તેમને ભારતમાં મોતની સજા આપવાનું નક્કી થાય છે. દરમિયાન ગૌતમ, મંગલ પાંડે દરિયામાં ઝંપલાવી દે છે અને કલ્યાણી ગૌતમને મુકત કરાવવા ત્ર્યંબકને મોકલે છે. આ નાની-મોટી ઘટનાઓમાંથી મંગલ પાંડે અને ગૌતમનો રાષ્ટ્રીય પ્રેમ પ્રગટ થાય છે. **"હું નહિ કે કંપની સરકાર નહી"**[૩] એવી આ ભારતીય સૈનિકની પ્રબળ રાષ્ટ્રીય ભાવનાની પડછે લેખકે હિંદુઓની સ્થિતિઓનું બયાન આપ્યું છે. ત્યારબાદ મંગલપાંડેની શહીદી તાત્યાટોપેના પ્રયાસો, ગુપ્ત મંત્રણા, વિપ્લવની શરૂઆત વગેરે ઘટનાઓની પડછે રુદ્રદત્તની અહિંસક ભાવના મૂકી છે. **"પૃથ્વી નક્ષત્રી કરવી હોય તો શસ્ત્રને ફેંક અને તપશ્ચર્યા આદર"**[૪] એમ કહેનાર રુદ્રદત્ત ગુલામી માટે નિર્માલ્યા રજવાડાને કારણભૂત માને છે. સમગ્ર ભારતના સ્વાતંત્ર્ય માટે કોણ લડવા તૈયાર છે એની ચિંતા રુદ્રદત્તને કોરી ખાય છે. **"હું શસ્ત્રરહિત યોદ્ધાઓ તૈયાર કરવા મથું છું "**[૫] એમ કહેતા રુદ્રદત્ત પર ગાંધીયુગનો  પ્રભાવ વર્તાય છે. રુદ્રદત્તના વિચારો તત્કાલીન વાતાવરણમાંથી જન્મ્યા છે પરંતુ એનાં મૂળ તો ભારતીય પરંપરામાં જ છે. તાત્યાસાહેબ રુદ્રદત્તને વિપ્લવમાં ભેળવવા માંગે છે. પરંતુ રુદ્રદત્ત એમ ન કરતા નિરાશ બનીને પાઠશાળા છોડે છે. હિંદીઓમાં બળ હોવા

છતાં તેઓ ગુલામ કેમ બન્યા એ વિશેની ચર્ચા મહાવીરસિંહ, રુદ્રદત્ત, કલ્યાણી, ગૌતમ વગેરે કરે છે. જેમાં મહાવીરસિંહના વિપ્લવી વિચારો અને રુદ્રદત્તના અહિંસક વિચારો વચ્ચે દ્વંદ્વ જામે છે. મંગલપાંડે જયારે ગોળીથી વીંધાય છે ત્યારે ભારતીય સૈનિકો નિરાશ થાય છે. પરંતુ મંગલપાંડેની શહીદીએ ફરીથી વિપ્લવમાં જોડાવા માટે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને કલ્યાણી રુદ્રદત્તને વિનવે છે. પરંતુ રુદ્રદત્ત પોતાના છૂપા શસ્ત્ર ભંડારને ઉડાવી દે છે. એ દરમિયાન રુદ્રદત્ત ગોરાને બચાવવા જતાં ઘાયલ થાય છે. ગૌતમ રુદ્રદત્તને બચાવવા આવે છે પણ મોડો પડે છે. ગોરાઓ પ્રત્યે પણ માનવતા દાખવતા રુદ્રદત્તની ભાવનામાં આપણને ભારતીયતાનાં દર્શન થયા વગર નહીં રહે.

રુદ્રદત્તની અંત્યેષ્ટિ પછી વિપ્લવ ફાટી નીકળે છે. જોનસન અને લ્યૂસી વિપ્લવ વાદીઓથી બચીને હિંદુઓના શિવાલયમાં આશ્રય લે છે. ગૌતમ બંનેને બચાવે છે અને તેને યુદ્ધની નિરર્થકતા સમજાય છે. ગૌતમને કલ્યાણી પ્રત્યે પારાવાર પ્રેમ છે કલ્યાણીનો વિચાર કરી તે શસ્ત્ર છોડવા તૈયાર થાય છે. ત્યારે કલ્યાણી કહે છે કે, **"મારી દયા ખાઈને તું શસ્ત્ર છોડીશ તો હું તને પરણીશ નહીં, ... વિજયી બની શસ્ત્ર ફેંકી દે.... તું મૃત્યુ પામ્યો હોઈશ તો હું તારા શબ સાથે લગ્ન કરીશ."**[૬] કલ્યાણીના આ શબ્દો ભારતીય નારીના ઉદ્‌ગારો છે. તે હંમેશા ગૌતમના વરત્વને પ્રેરે છે એટલું જ નહિ સંગ્રામમાં એ તેની અંગરક્ષક બને છે. અંતે ગૌતમનાં મૃત્યુ પછી તે તેની સાથે મરવા તૈયાર પણ થાય છે.

આ મુકિતસંગ્રામના વાતાવરણ વચ્ચે આ નવલકથામાં પ્રેમાકર્ષણનું તત્ત્વ કલાત્મક રીતે સંયોજયેલું છે.આમ પાત્રોની કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રભકિતનો હૃધ્યંગમ ચિતાર મળે છે.

'ગ્રામલક્ષ્મી'માં ગાંધીજીની 'ગ્રામોદ્ધાર વિના રાષ્ટ્રોદ્ધાર શકય નથી' એ ચળવળને નવલકથાનું કથાનક બનાવ્યું છે. ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં લોકકલ્યાણની હિમાયત કરી અને કલ્યાણગ્રામનો આદર્શ રજૂ કર્યો. કેટલાંક વિવેચકોના મતે ગોવર્ધનરામની એ વાત માત્ર ઉત્તમ ભાવના રૂપે જ પ્રગટ થઈ. એ યોજનાનો અમલ થઈ શકયો નહિ.- આપણે જાણીએ છીએ કે આ વાત કાગળ પરનો આદર્શ ન હતી. 'સરસ્વતીચંદ્ર'ની એ વિશેની સક્રિયતા પણ હતી. રમણલાલે 'ગ્રામલક્ષ્મી' માં ગાંધીવિચારથી પ્રેરાઈને આવા કલ્યાણગ્રામ માટે સક્રિય બનવાની વાતને પોતાની આ નવલકથામાં રજૂ કરી. નાયક અશ્વિન બેકાર એંજિનિયર થોડો સમય શહેરમાં નોકરી માટે પ્રયત્ન કરે છે. જેમાં તે નિષ્ફળ નીવડે છે. નાસીપાસ થઈને પોતાને ગામડે પાછો આવીને એ ગ્રામોદ્ધારના કાર્યમાં લાગી જાય છે. આ કથાનકને લેખકે ચાર ભાગોમાં પ્રસ્તારી રૂપે નિરૂપ્યું છે અહી પણ 'સરસ્વતીચંદ્ર'ની જેમ કલાપક્ષને બદલે વિચારપક્ષને આલેખવાનું લેખક મુનાસિબ માને છે.ઉપર ઉલ્લેખી છે તે પ્રકારની નવલકથાના પ્રસંગો પરિસ્થિતિની યોજના, એની નાટયાત્મિકતા વગેરે કૃતિ રચનાનું ભાથું બને છે. વાર્તા પ્રવાહમાં લેખકે ગાંધીવાદી અને સામ્યવાદ વિશેના વાર્તિકો આપ્યા છે. ઉપરાંત એમના ગ્રામોદ્ધારના કાર્યક્રમનો પ્રસ્તારી ચિતાર આપે છે. ગ્રામજીવન, પ્રજાચેતના એમના તહેવારો અને વ્યવહારો અહી છે.

એની પડછે ગ્રામોદ્ધારની પ્રર્વત્તિઓ છે. નાયક અશ્વિનને વાર્તાકારે આદર્શ ગ્રામસેવક બનાવવો છે. તેથી ગ્રામોદ્ધારની વૃત્તિઓની નેતાગીરી તેના હાથમાં જ રહે છે. એ આદર્શ ગ્રામસેવક બનવાનો સંકલ્પ સેવે છે. એ માટે એને ઘણાં બધાં નો સહકાર મળી રહે છે અને લેખકની યોજના મુજબ તે ગ્રામોદ્ધારનું સ્વપ્ન સિદ્ધ કરે છે લેખક નાયક અશ્વિનને એના જમાનાનું સંતાન હોય એ રીતે રજૂ કરે છે. જો કે ઘણીવાર એવું લાગે છે કે આ અશ્વિનના કાર્યયજ્ઞમાં એને ખાસ સંઘર્ષ કરવો પડયો નથી. એ જાણે કે લેખકની ભાવનાનું સાધન હોય એ રીતે ઓળખાય છે. ગ્રામસૃષ્ટિમાં જે કંઈ અનિષ્ટ છે, ભ્રષ્ટ છે એ બધુ સમય જતાં લેખકની ભાવનાથી સુંદરમંગલ બની જતું લાગે છે. ખેડૂત સમાજના વટ વ્યવહાર અને રીત રિવાજ ગ્રામ વાતાવરણ ઊપસાવવામાં સહાયક નીવડે છે. પરંતુ રમણલાલ એ પન્નાલાલ નથી એટલે ગ્રામીણ પાત્રો જેવી વાસ્તવિક છાપ ઓછી ઉપસે છે. એમ કહી શકાય કે લેખકનો ઉદ્દેશ આદર્શ ગામડું કેવું હોય તે દર્શાવવાનો છે. આથી ગ્રામસેવાની ભાવના અને સામ્યવાદી મિત્ર દ્વારા શકય બનતો ગ્રામ સુધારણાનો કાર્યક્રમ અહી એકમેક સાથે ગૂંથી લીધા છે.

ટૂંકમાં કહીએ તો આ નવલકથામાં ગામડાંના ઉદ્ધાર કરવા માટેની ગાંધીજીની, સરકારની અને સામ્યવાદની એમ ત્રણ રીતો રજૂ કરી છે. ગ્રામોદ્ધાર માટે એમણે બૌદ્ધિક કેળવણીની પણ જરૂર લાગી છે. પણ ગ્રેજયુએટ નાયક ગામડિયો બનીને જ ગ્રામોદ્ધારની શરૂઆત કરે છે! ગામડું સ્વાવલંબી બને અને એમાંથી જ એનો ઉદ્ધારક પેદા થાય એવો આ કૃતિનો ધ્વનિ કદાચ ગાંધીવિચારનો સીધો પડઘો જ હશે.

અહિંસક અસહકાર, અસ્પૃશ્યતા નિવારણ, હિન્દુ મુસ્લિમ એકતા, રૂઢિચુસ્તતાનો ત્યાગ, વર્ગભેદ નાબૂદી જેવાં મૂલ્યો વડે ગામડાંને ગોકુળ બનાવવાનો તેમનો પ્રયત્ન અહીં જોવા મળે છે.

રમણલાલની આ નવલકથાઓ દ્વારા આપણે એમની રાષ્ટ્ર-રાષ્ટ્રીયતા અને ભારત-ભારતીયતા વિશેની વિભાવનાનો પરિચય મેળવ્યો. સ્વરાજ પ્રાપ્તિ પહેલાંની ભૂમિકા છે. એ પણ અહીં વિસરવાનું છે.

### ૩:૪: ભારતીયતાનાં તત્ત્વોની સમગ્રલક્ષી ચર્ચાઃ અનેકતામાં એકતા,માનવતાવાદ,આદર્શવાદ

રમણલાલની કેટલીક નવલકથાઓની અહીં ચર્ચા ચાલે છે. તેના આધારે સ્ત્રી-પુરુષ પ્રેમસંબંધને સમજવાનો તેમનો પ્રયત્ન શરૂઆતથી જ રહ્યો છે. ગોવર્ધનરામમાં સ્ત્રી પુરુષ સંબંધનું જે રૂપ આલેખ્યું છે એના કરતાં રમણલાલ જુદી દિશામાં ગતિ કરે છે. ગોવર્ધનરામે ગૃહ-કુટુંબ ભાવના અને સ્ત્રી પુરુષ સંબંધોમાં સ્ત્રીકેળવણી અને નારીસન્માનની ભાવના ઉપર વધુ પ્રકાશ ફેંકયો છે તે આપણે જોયું છે. રમણલાલ પણ શિક્ષિત સમાજ અને નારીસન્માનને આલેખે છે. ગોવર્ધનરામની જેમ કદાચ તેઓ પશ્ચિમી સંસ્કૃતિના કેટલાક સદ્અંશોને સ્વીકારવાના મતના છે. એટલે પણ એમણે આ વિચારને પોતાની નવલકથાઓમાં આવિર્ભૂત કરવાનો મનસૂબો રાખ્યો હોય. એમની ‘શિરીષ’ નવલકથામાં દામ્પત્યની મધુરતાની સાથોસાથ સ્ત્રી સન્માનની અને સ્ત્રી સ્વાતંત્ર્યની આવશ્યકતા દર્શાવી છે. આપણે

જાણીએ છીએ કે રમણલાલને માનવ પ્રેમનાં વિધ વિધ રૂપો અને સંવેદનોનાં આલેખનમાં રસ છે. 'કોકિલા' નવલકથામાં એમને જગદીશ અને કોકિલાના દામ્પત્ય જીવનને અને ગૃહજીવનને સંવેદ્ય બનાવ્યું છે. જગદીશ સિદ્ધાંતનિષ્ટ જીવનનો આગ્રહી છે. દેશસેવા એનો જીવનમંત્ર છે. એના હાથમાં લેખનનું કૌશલ છે. પોતાની અમલદારીને તે પોતાના લોકસેવાના સાધન રૂપે ગણતો હતો. પરંતુ બે વર્ષની નોકરીમાં તેનો જીવ રુંધાવા લાગ્યો. એનું માનસ દ્વિધાગ્રસ્ત બને છે. પરિવારના ભરણપોષણનો પ્રશ્ન એની સામે છે. પરંતુ જે રીતે જગતમાં અન્યાય અને અત્યાચાર વધી રહ્યાં હતાં એની સામે તે પોતાને નાઈલાજ અનુભવે છે. જગતવેરી બનવાનો તેનો સંકલ્પ "દોષને ઢાંકી શકો તો તમે દૂષિત નથી જ"[૭] એમ માનીને તે વિજયા પ્રત્યે આકર્ષાય છે. વિજય પણ "જગદીશના રૂપગુણનું મનોમન પૃથ્થકરણ કરે છે."[૮] પરંતુ અંદરથી ભીરુ જગદીશ વિજયા સાથેના સંબંધમાં આગળ વધી શકતો નથી. કોકિલાનું પ્રેમાળ અને ઉષ્મા ભર્યું વર્તન જગદીશને આવા દ્વિધાગ્રસ્ત માનસમાંથી મુકત કરે છે. કોકિલાનો પ્રેમ એને અકસ્માત આશિષ જેવો લાગતો. આ બન્નેના પ્રેમને ઉન્નત રૂપ આપવામાં લેખકે મીરનું પાત્ર મૂકયું છે. મીર કોકિલાના ગીત સાંભળ્યા પછી રાધાને કહે છે કે **"એના ઘરમાં પાર્વતી પ્રસન્ન છે."**[૯] આ કોકિલા કેવળ ગૃહમાં ઉજાસ ફેલાવે એવી નથી એને તો ગૃહની સાથોસાથ ગ્રામીણ વાતાવરણ અને શહેરી વાતાવરણનો સમન્વય સાધ્યો છે. તેણે ગામડાંની અજ્ઞાન સ્ત્રીઓને કદી ઓછું ન આવે એવું માયાળુ વર્તન રાખ્યું અને એમને સ્વચ્છતાના પાઠ પ્રેમ પૂર્વક શીખવાડયા. ગ્રામજનો માટે તે 'ગ્રામમાતા' પુરવાર થઈ. ઝૂંપડા સ્વચ્છ થવા માંડયા, આંગણામાં છાણા ઘાસનો

કચરો સાફ થવા લાગ્યો, તેણે ગામની સ્ત્રીઓને ગામમાં સાથિયા કાઢતા શીખવ્યા. એમ એક જુદા પ્રકારની કેળવણીનું કામ આ કોકિલા દ્વારા થાય છે. જગદીશનું હૃદય પરિવર્તન અને ગામડાંના પરિવર્તન એમ ઉભય સ્તરે માનવ પ્રેમના ઓજસ્વી રૂપો કોકિલાના પાત્ર દ્વારા પ્રકટ થાય છે. આત્મભોગ, નિઃસ્વાર્થપણું અને પવિત્રતાનાં ઊર્ધ્વ રૂપો લેખકે અહીં મૂર્ત કર્યા છે. બીજી બાજુ શંકાશીલ રશ્મિ એની પત્ની શાંતાના ચારિત્ર્ય અંગે શંકા સેવે છે. એ જ રશ્મિ જગદીશ અને કોકિલાના પ્રેમતંતુને ઉદારતાથી સમજે છે ત્યારબાદ તે વાસ્તવને પણ સમજી શકે છે અને એનું હૃદય પરિવર્તન થાય છે. અતૃપ્ત વિજયા, પતિની શંકાનો ભોગ બનતી શાંતા અને ત્યાગમૂર્તિ કોકિલા, કુસુમ આ નારી પાત્રોનું કુટુંબની સાથોસાથ દેશ સેવામાં વિલક્ષણ પ્રદાન રહ્યું છે. રમણલાલે પાત્રોની મનોવૃત્તિના સંઘર્ષ વડે પ્રમાણમાં આસ્વાદ્ય બને એવી સૃષ્ટિ રચી છે. શિક્ષણ, વાણી અને માનવ પ્રેમથી સામાજિક અન્યાયને અને અત્યાચારને દૂર કરી શકાય છે. એનું આ નવલકથા દ્વારા પ્રતિપાદિત થાય છે.

### ૩:૪: માનવતાવાદી વલણ-આદર્શનિરૂપણ

'દિવ્યચક્ષુ'માં શ્રીમંત પિતાનો પુત્ર અરુણ પ્રતિજ્ઞાબદ્ધ બનીને સ્વાતંત્ર્યની લડતમાં જોડાય છે. રાષ્ટ્રીય આંદોલનને જીવનમૂલ્ય બનાવનાર અરુણને કૃષ્ણકાન્ત રંજન, સુરભિ જેવા પાશ્ચાત્ય સંસ્કૃતિથી અનુરકત પરિવારનો પરિચય થાય છે. અરુણના આદર્શો અને સત્યાગ્રહ પ્રવૃત્તિ ધીમે ધીમે કૃષ્ણકાન્તના પરિવારને આશ્રમ પ્રતિ આકર્ષે છે અને પાશ્ચાત્ય સંસ્કૃતિ પ્રત્યેનો તેમનો મોહ ઝાંખો બને છે.

અલ્લડ રંજન અરુણ પ્રત્યે આકર્ષાય છે અને પ્રેમવિવશ રંજન જનાર્દનની ભાવનામયતા અને અરુણ પ્રત્યેના અદમ્ય પ્રેમથી દેશ સેવાની પ્રવૃત્તિમાં જોડાય છે. નવલકથાકારે વીરતા, સ્નેહભાવ જેવા અનેક અનુભવો માંથી નાયક નાયિકા અરુણ-રંજનને પસાર કર્યા છે અને રાષ્ટ્રીય આંદોલનની પડછે આ બન્નેના પ્રેમનો આંતરવિકાસ આલેખ્યો છે. આ નવલકથામાં અન્ય એક કુટુંબ ધનસુખલાલ એમની પુત્રી પુષ્પાનું છે. પુષ્પા પ્રમાણમાં સાદી છે જયારે એની બહેન સુશીલા જનાર્દનના સંપર્કમાં આવીને અનૌરસ બાળકની માતા બને છે. આવી બે દિકરીઓનો ધર્મચુસ્ત પિતા ધનસુખલાલ અનેક મનોદ્વંદ્વો માંથી પસાર થાય છે. ધનસુખલાલ પુષ્પાના ઉછેરમાં બહુ કાળજી રાખે છે. સમય જતાં એ પુષ્પા પેલા આદર્શ ભેખધારી અરુણના પ્રેમમાં પડે છે. રમણલાલ એમની મોટાભાગની નવલકથાઓમાં પ્રણય ત્રિકોણનું કથાઘટક યોજે છે. અરુણ, રંજન અને પુષ્પાનો પ્રણયત્રિકોણ અહી ઘાટ લે છે. અરુણ જયારે આંખો ગુમાવી બેસે છે ત્યારે હોસ્પિટલમાં પુષ્પા તેની ભાવ પૂર્વક ચાકરી કરે છે. રંજન અને પુષ્પા બન્ને સખીઓ છે. છતાં બન્નેની જીવનદષ્ટિમાં જમીન આસમાનનો ફેર છે. પુષ્પા ધર્મ પરાયણ કુટુંબમાં મોટી થઈ છે. રંજન આધુનિક સભ્ય વાતાવરણમાં સ્વાતંત્ર્ય રીતે ઉછરી છે. અરુણની સેવા સુશ્રુષા માટે રંજન અને પુષ્પાની ચડસાચડસી દર્શાવી છે. અરુણ-પુષ્પાના એના પ્રત્યેના અનુરાગથી અજાણ છે. બીજી બાજુ અરુણ અને રંજનની પ્રણય ચેષ્ટાથી પુષ્પા ઈર્ષ્યાદ્વેષ અનુભવે છે. પુષ્પાની ક્રિયા પ્રતિક્રિયાઓને અંદેશો આવતા રંજન એની સખી પુષ્પાની લાગણીને માન આપવા ત્યાંથી ખસી જાય છે. રંજનની ઉદારતા પછી પુષ્પાને વાસ્તવિકતાનો ખ્યાલ

આવે છે અને તે રંજનને અરુણ  સોંપી દે છે. આ ત્રણેય પાત્રોના તુમુલ મનોસંઘર્ષને લેખકે સત્યાગ્રહના આંદોલનની પડછે ઊપસાવ્યો છે. આગળ જતાં જ્યારે અરણને આત્મહત્યાનો વિચાર આવે છે ત્યારે તેને તેમ કરતાં રોકે છે. આ સ્નેહ બળ.

ચુસ્ત વૈષ્ણવધર્મી ધનસુખલાલની પુત્રીનો અનૌરસ પુત્ર કિશોર અંત્યજવાસમાં ઉછરે છે. એ કિશનની માંદગી સમય જતાં ધનસુખલાલની ધર્માંધતા દૂર કરે છે. અસ્પૃશ્યતાની વિસંગત પ્રથા દર્શાવવાનું રમણલાલનું વલણ અહીં દેખાય છે. તે એટલી હદે કે અંત્યજ ધનાભગત ધનસુખલાલના આંગણાથી આગળ ઘરના ઠાકોરજીના મંદિર સુધી પહોંચી શકે છે. ધનસુખલાલની જીવનભરની સંચિત માન્યતાઓ અને આચારો ઘણાં મનોદ્વંદ્વ બાદ દૂર થાય છે. બિમાર કિશનને જ્યારે વૈષ્ણવધર્મીઓ ખબર પૂછવા જાય છે, “તો પણ બધાંને નાહવું પડશે ને ?”[૧૦] એવો કિશનનો વેધક પ્રશ્ન અસ્પૃશ્યતાનું દૂષણ પ્રજા માનસમાં કેટલું ઘર કરી ગયું છે તેનો ઉદ્ગાર છે.

આમ રમણલાલે આ કુટુંબચિત્રો દ્વારા સમાજના શ્વેત-શ્યામ અંશોને વણી લીધા છે. કૃતિનો મુખ્ય ભાવ અહિંસા નિરૂપણ છે. અંહિસા, અહિંસાત્મક-ભાવના, સામાજિક અત્યાચાર અને અન્યાય ને નિર્મૂળ કર્યા વગર પાંગરી શકે નહિ આથી એમણે આ ત્રણ વિલક્ષણ કુટુંબો દર્શાવ્યા છે. જનાર્દન-સુશીલા, અરુણ-પુષ્પા, અરુણ-રંજન, કૃષ્ણકાન્ત-સુરભિ જેવાં પાત્ર યુગ્મો અને એમની ક્રિયા પ્રતિક્રિયાઓ દ્વારા કુટુંબ, ધર્મ, સમાજ અને ગાંધીમૂલ્યોની ગૂંથણી રમણલાલે આ નવલકથામાં કરી છે.

'ભારેલો અગ્નિ'નો સમાજ અને કુટુંબ અગાઉની નવલકથાઓ કરતાં જુદા ફલક ઉપર મૂકયા છે. અહીં રુદ્રદત્તની પાઠશાળામાં એમની પૌત્રી કલ્યાણી રહે છે અને રુદ્રદત્તનો અનાથ પુત્ર સમો ગૌતમ ત્યાં આવી ચઢે છે. આ પાઠશાળાની બાજુમાં ખ્રિસ્તીધર્મના પાદરી જોનસન અને તેમની પુત્રી લ્યૂસી રહે છે. ત્ર્યંબક, મંગલપાંડે, ગૌતમ અને અન્ય વિદ્યાર્થીએ પાઠશાળામાં અભ્યાસ કરે છે. રુદ્રદત્તની જાણ બહાર પાઠશાળામાં અચાનક આવી પડેલા ગૌતમને એમની પૌત્રી કલ્યાણી અંગ્રેજોની દષ્ટિથી બચાવવા ઘાસની ગંજી નીચે સંતાડે છે. દરમિયાન કલ્યાણી અને ગૌતમ વચ્ચે પ્રણયના અંકૂરો ફુટે છે. લ્યૂસીને ત્ર્યંબક સંસ્કૃત શીખવે છે દરમિયાન લ્યૂસી ત્ર્યંબક પ્રત્યે વિશેષ આકર્ષાય છે અને એમ ત્ર્યંબક અને લ્યૂસી વચ્ચે પ્રેમના અંકુરો ફુટે છે. બન્ને વચ્ચેના પ્રેમને હેનરી નામનો યુવક સાંખી શકતો નથી અને ત્ર્યંબકને છરો મારી બેસે છે એ ઘટનાથી લ્યૂસી ક્રોધે ભરાય છે. એ રુદ્રદત્તની સામે એની ફરિયાદ પણ કરે છે એના પિતા જોન્સનની બદલી થાય છે ત્યારે લ્યૂસી મકમ્મપણે કહે છે કે, **"મારે વિલાયત જઈને પરણવું નથી. હું તો પાછી હિંદમાં જ રહેવા આવીશ અને હિંદને જ મારો દેશ બનાવીશ."**[૧૧] બીજી બાજુ ગૌતમને જયારે પોતાનું ભાવિ અનિશ્ચિત લાગે છે. ત્યારે એ કલ્યાણીને ત્ર્યંબક સાથે લગ્ન કરવાનું કહે છે. કલ્યાણી માટે આ અપમાન અસહ્ય હતું અને તે તરત ઉદ્‌ગારી ઊઠે છે "હું તેને પરણી ચુકી છું"[૧૨] કલ્યાણી ગૌતમ પ્રત્યે આવો અનન્ય પ્રેમ ધરાવે છે. એના માટે સરસ માળા ગૂંથે છે એ જે કલ્યાણી ગૌતમને યુદ્ધના સંદર્ભમાં ડગુમગુ થતો જુએ છે ત્યારે સ્પષ્ટ પણે કહે છે કે, **"મારી દયા ખાઈ ને તું શસ્ત્ર છોડીશ તો હું તને પરણીશ નહિ.... વિજય બની શસ્ત્ર ફેંકી દે**

**– તું મૃત્યુ પામ્યો હોઈશ તો હું તારા શબ સાથે લગ્ન કરીશ."**[૧૩] એમ એક ઓજસ્વી ભારતીય નારીને છાજે એવું કલ્યાણી મકમ્મપણે કહે છે. એ દ્વારા એ ગૌતમના વીરત્વને પ્રેરે છે. સંગ્રામમમાં તે એની અંગ રક્ષક બને છે અને ગૌતમના મૃત્યુ પછી તે તેની સાથે મરવા તૈયાર થાય છે ત્યારે ત્ર્યંબક એને રોકે છે આ બન્ને પ્રણયપાત્રો આ મુકિતસંગ્રામના વાતાવરણમાં અંગત પ્રેમના સ્વાર્થી વલણને સ્વીકારતા નથી. પ્રેમની અનન્યતાની સાથોસાથ આ બંનેનો રાષ્ટ્રપ્રેમ, મુકિતસંગ્રામમમાં એમનું સમર્પણ લેખક સમાંતરે દર્શાવવા માંગે છે.

રુદ્રદત્ત પાસે શસ્ત્ર ભંડાર હતો. સંગ્રામની તૈયારીઓ પૂરી થઈ ગઈ હતી પરંતુ રુદ્રદત્ત તત્કાલીન પરિસ્થિતિનો કયાસ કાઢતા હિંસક સંગ્રામનો વિરોધી બને છે. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના મેળાપ પછી રુદ્રદત્ત પર વિપ્લવમાં જોડાવવાનું દબાણ થાય છે. ત્યારે રુદ્રદત્ત વિપ્લવમાં જોડાવાને બદલે વિહાર છોડી દે છે અને પોતાના શસ્ત્ર ભંડારને ઉડાવી દે છે. વિના કારણે શંકરની ગોળીથી વિંધાતા એ જોન્સનને બચાવે છે. અને એમ એ મૃત્યુ પામે છે. પણ એની પૌત્રી કલ્યાણીમાં રાષ્ટ્રપ્રેમ અને સ્વાર્પણની ભાવનાનું સિંચન તેઓ કરે છે. ગૌતમ, ત્ર્યંબક, મંગલપાંડે જેવા રાષ્ટ્રીય ભાવનાથી ઝળહળતા આ રુદ્રદત્ત જીવનના ઉત્તરાર્ધમાં **"હું શસ્ત્ર રહિત યોદ્ધાઓ તૈયાર કરવા માંગુ છું."**[૧૪] એવા ગાંધીવિચારના સાક્ષાત્ દષ્ટાંત બને છે.

ઉપર જોયું તે રીતે 'ભારેલો અગ્નિ'માં પાત્ર પાત્ર વચ્ચેના સંબંધો અને સંવેદનો રાજકીય આંદોલનની પૃષ્ઠભૂમિ સાથે પ્રગટ થયા છે.

'ગ્રામલક્ષ્મી'ના ચાર ભાગમાં નાયક અશ્વિન એંજિનિયર બન્યા પછી નોકરીની શોધમાં નિષ્ફળ જતા જયારે તે વતન પાછો આવે છે અને ગ્રામોદ્ધારના કાર્યમાં જોડાય છે. એ ગામડું એનો સમાજ, એના લોકો, એમના પરસ્પરના સંબંધો પ્રવૃત્તિઓ વગેરેનું આલેખન આ નવલકથામાં થયું છે. આપણે જાણીએ છીએ કે નાયક અશ્વિન છે પણ જે ગ્રામલક્ષ્મીની પ્રેરણાથી અશ્વિન ગ્રામોદ્ધારની યોજનામાં લાગી ગયો છે. એ ગ્રામલક્ષ્મી આખી કૃતિમાં જાણે કે પ્રત્યક્ષરૂપે-પરોક્ષરૂપે ઉપસ્થિત છે. અશ્વિન એની પત્ની કુસુમ અને અરુણની બાળપણની સખી તારાના પ્રણયત્રિકોણ સમા સંબંધને અહીં લેખકે આલેખ્યા છે નોકરી ન મળતાં અશ્વિન જયારે હતાશ અને દિશાશૂન્ય બને છે અને આપઘાતની હદ સુધી પહોંચે છે ત્યારે બનતી ઘટનાઓ તેના જીવનમાં પરિવર્તન લાવે છે એને એનું લક્ષ્ય પ્રાપ્ત થાય છે. તે ખેડૂત બની નર્યો ગ્રામવાસી બનવાનું બીડું ઝડપે છે. અંગત સુખસાહ્યબી અને લાગણીને ગણકાર્યા વગર એ સદ્પ્રવૃત્તિઓમાં જોડાય છે ત્યાં એના વિરોધીઓ ન હતા એવું નહોતું પણ એની ઉદારતાએ વિરોધીઓને સમજવા પ્રેરતી હતી. જેને પરણ્યો હતો એ કુસુમ પ્રત્યે શરૂઆતમાં તેને પ્રેમ ન હતો પરંતુ ધીમે-ધીમે એ કુસુમના પ્રેમને એના સંવેદનેશાને સમજતો થાય છે. પછી એની પત્નીના સાચા પ્રેમનો સાચો અનુભવ લે છે. તારા જેવી અન્ય યુવતી જે સોળમાં વર્ષે વિધવા થઈ એની લાગણીને અશ્વિન સમજે છે અને એને સાચો માર્ગ સમજાવે છે. પ્રણય ત્રિકોણનો ભાસ થાય છે પરંતુ સીધે સીધો પ્રણયત્રિકોણ રચાતો નથી. અહીં કુસુમ એના પતિને માત્ર લાગણી કે સમજદારીથી સાથ નથી આપતી પરંતુ એના ગ્રામોદ્ધારના કાર્યોને સાકાર કરવામાં એ સક્રિય બને છે. પ્રમાણમાં

સંતુલિત વ્યકિતત્વ ધરાવતી આ કુસુમ પતિના આદર્શો માટે ઘેલા થયા વગર, પોતાના યત્કિંચિત્ કાર્યો દ્વારા સાચા અર્થમાં અશ્વિનની સહચારિણી બને છે એની નિશ્ચિલતા એના આંતરિક સૌંદર્યને એ રીતે દીપાવે છે. પતિના બ્રહ્મચર્ય પાળવાના નિર્ણય સાથે તે અસંગત છે એ અહીં જોઈ શકાય છે. બીજી બાજુ તેના પતિના મનમાં અન્ય સ્ત્રી પ્રત્યે જે અંકુરો ફૂટયાં છે તેનો સ્વીકાર કરવાની તત્પરતા કુસુમ દાખવે છે. આમ એ પરિસ્થિતિની નાડ પારખીને જીવનારી નારી છે. અશ્વિનની પત્ની બનીને એ જીવે છે તો સાથોસાથ એ નવલકથામાં ઉદ્દિષ્ટ ગ્રામલક્ષ્મીની મૂર્તિ સાથે એકત્વ સાધતું, ત્યાગ-કારૂણ્યનો ભાવબોધ કરાવતું ગરિમાયુકત નારી પાત્ર બને છે. એમ પણ કહી શકાય કે અશ્વિનના ગ્રામ સુધારણાના ધ્યેયનો વિકાસ કુસુમ અને તારાનાં પાત્રો સંદર્ભે થયો છે.

અશ્વિન-કુસુમના પુત્ર રોહિતના મૃત્યુથી આ ત્રણેય પાત્રોના સંબંધો જુદું પરિમાણ ધારણ કરે છે. અશ્વિનને ભારોભાર દુઃખ થાય એ સમજી શકાય છે. માતા કુસુમ એનો ખોળો ખાલી થયાની વેદના અનુભવે તે સાહજીક લાગે છે પણ તારાને માટે એ પુત્ર માનસપુત્ર જેવો હતો એના આગમનથી એની એકલતા ઓછી બની હતી. રોહિત માટેનો એનો પ્રેમ સ્પર્શ, શરીર અને પ્રણયની સ્થૂળતાને ભેદીને વાત્સલ્યની અનુભૂતિ કરાવતો હતો. તેથી રોહિતનું અવસાન એને માટે હ્રદયશલ્ય બની ગયું હતું. લેખકે આ સંબંધોની વિલક્ષણતા એક દશ્ય દ્વારા દર્શાવી છે. જયારે અશ્વિનને જેલમાં લઈ જવામાં આવે છે તે પહેલાં તારા એકાંતમાં અશ્વિનના કપાળે ચુંબન કરીને કહે છે, “હું

**તમારામાં રહેલા રોહિતને ચૂમી છું તમને નહિ."**[૧૫] – આ વિધાન સૂચક બને છે. માનવ સંબંધોની વ્યવહારિક અને સામાજિક સરહદોની પેલેપાર કેટલાંક પાત્રો જીવે છે. તેનું નિરૂપણ અહીં મળે છે.

વ્યાયામ પ્રવૃત્તિમાં સક્રિય મહેરુનો પરિચય અશ્વિન જયારે શહેરમાંથી પોતાના ગામ પાછો ફરે છે ત્યારથી થાય છે. એ અશ્વિનના કાર્યમાં સહભાગી બને છે. ચોરીમાંથી ગ્રામસેવામાં અને વ્યાયામ પ્રવૃત્તિમાં જોડાયેલા મહેરુનું પાત્ર અહીં વધારે ઉઠાવ પામ્યું છે. સામ્યવાદી વિચારધારાનું આલેખન કરવાનું રહી ગયું હોય તે રીતે અહીં ચન્દ્રાનનનું પાત્ર પ્રયોજાયું છે. એ અશ્વિનના ગ્રામ સુધારણાના કાર્યક્રમને આગળ ધપાવતું પાત્ર છે. મેહરુ, શમ્સ જેવા પાત્રોનું માનસપરિવર્તન થાય, ગ્રામસૃષ્ટિમાં જે કુત્સિત છે, અનિષ્ટ છે, ભ્રષ્ટ અને જડ છે તે અહીં બહુ ઝડપથી સુંદર મંગલમાં પરિણમે એવી ઓછી સંભવિત લાગતી ભૂમિકા અહીંયાં મળે છે. એની પડછે પ્રકૃતિનાં રમણીય દશ્યો, મેળા જેવા ઉત્સવો ખેડૂત સમાજના વટ વ્યવહાર અને રીતરિવાજ વગેરેના જીવંત ચિત્રો અહીં મળ્યા છે.

ટૂંકમાં ગ્રામસમાજના સભ્યોનું જીવંત ચિત્ર મળે છે. એમણે ગાંધીકથિત ભાવનાને ચરિતાર્થ કરવા માટે ગ્રામોદ્ધારના કાર્યક્રમ દ્વારા આદર્શ ગામડાંની નેમ રાખી હોય એવું લાગે છે.

'કોકિલા', 'દિવ્યચક્ષુ', 'ભારેલો અગ્નિ', 'ગ્રામલક્ષ્મી' જેવી એમની કેટલીક મહત્ત્વની નવલકથાઓમાં સમાજ, કુટુંબરચના, માનવપ્રેમના રૂપોનાં આલેખન દ્વારા એમની કલ્પનાનું ગુજરાત અને ભારતવર્ષનું ચિત્ર અહીં પ્રાપ્ત થાય છે. અહિંસા એ ભારતીય સંસ્કૃતિનું

વિશ્વને મોટામાં મોટું પ્રદાન છે. એનો ભાવબોધ આ નવલકથાઓ દ્વારા થાય છે.

**૩:૫: સમગ્રલક્ષી ચર્ચા-ભારતીયતાનાં પરિમાણોઃ**

રમણલાલની નવલકથાઓમાં વાસ્તવિક પરિસ્થિતિ અને આદર્શનું દર્શન કરાવતું આલેખન મળે છે. ગાંધીયુગની સામાજિક, સાંસ્કૃતિક, વિચારણાને પોતાની કૃતિઓમાં મૂર્ત કરવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. આ પ્રકરણમાં અગાઉ આપણે જોયું છે. એ રીતે રમણલાલ પશ્ચિમની સંસ્કૃતિના કેટલાંક સદ્અંશોને સ્વીકારવાનો છોછ રાખતા નથી અને ભારતીય સંસ્કૃતિમાં જે કંઈ બદી છે, દોષો છે તેણે સ્વીકારવાના મતના પણ નથી. ગોવર્ધનરામની જેમ તેઓ આ બન્ને સંસ્કૃતિઓનાં કેટલાંક અંશોનો તારતમ્ય રૂપે સ્વીકાર કરે છે. એ દષ્ટિએ તેમનું વલણ સમન્વયવાદી જણાય છે. ગોવર્ધનરામ કરતાં એમનું ફલક જુદું છે. એમણે ગાંધીમૂલ્યોને અહીં આલેખવાના પ્રયત્નો કર્યા છે. 'દિવ્યચક્ષુ'માં કૃષ્ણકાન્ત-સુરભિ, અરુણ-રંજન, ધનસુખલાલ-સુશીલા-પુષ્પા-અરુણ વગેરે પાત્રો દ્વારા પશ્ચિમની સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિનો સમન્વય સાધવનો તેમનો ઉન્મેષ, સમાનતા અને વિરોધના વાતાવરણ વચ્ચે સ્ફુટ થયો છે. કૃષ્ણકાન્તના પરિવર્તનને દાખવીને લેખક તેણે રાજભકત માંથી દેશભકત બનાવે છે. પશ્ચિમની સંસ્કૃતિનો પ્રભાવ કૃષ્ણકાન્ત જેવાં પાત્રને કેવી રીતે બદલી નાખે છે. અંગ્રેજો, પશ્ચિમની સંસ્કૃતિ અને સભ્યતાના પ્રભાવથી મુકત બનાવીને દેશપ્રીતિ કેવી રીતે જાગે છે તે અહીં દર્શાવ્યું છે. એની પડછે ભારતીય સંસ્કૃતિના રૂઢિચુસ્ત ધનસુખલાલ કાળક્રમે રાષ્ટ્રીય લડત અને

અસ્પૃશ્યતા નિવારણ જેવાં રચનાત્મક કાર્યમાં જોડાય છે. પશ્ચિમની સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતી રંજનનું હૃદય પરિવર્તન અને રાષ્ટ્રીય કાર્યક્રમોમાં એની સક્રિયતા અહીં આસ્વાદ્ય બને છે. રંજન રૂઢિચુસ્ત પુષ્પાને વ્યકિત સ્વાતંત્ર્યના માર્ગે દોરી જાય છે અને એ જ પુષ્પા આગળ જતાં ત્યાગ વડે ભારતીય નારીની સાંસ્કૃતિક અસ્મિતા પ્રકટાવે છે. **"જનાર્દન સંસ્કૃતિ સમન્વયનો પ્રતિનિધિ લાગે છે અને 'અવેર થી જ શમે વેર'નો સિદ્ધાંત સ્વીકારી અહિંસાનું મૂર્તિમંત દષ્ટાંત અરુણ બને છે. આમ 'દિવ્યચક્ષુ'માં લેખકે બદલાતો સમાજ, નવી જૂની પેઢીનો સંઘર્ષ અને બદલાતી ધર્મભાવના અને અભિનવરૂપ સમાજભાવના લેખકે મૂર્ત કરી છે. એમ સમુચિતપણે કહેવાયું છે."**[૧૬]

'ભારેલો અગ્નિ'માં ભારતીય સંસ્કૃતિ અંગ્રજોને પણ અપનાવવા જેવી લાગે છે એવાં જોન્સન અને લ્યૂસીના વિચાર વલણો પ્રાપ્ત થયાં છે. પંડિત રુદ્રદત્ત ભારતીય સંસ્કૃતિના મૂળભૂત સિદ્ધાંતોને આચાર-વિચારથી તાદશ કરે છે અને એની અસરથી ત્ર્યંબક, ગૌતમ, મંગલપાંડે, રાણાસાહેબ, લક્ષ્મીબાઈના હૃદય પરિવર્તન થાય છે. ભોગપ્રધાન સંસ્કૃતિની લ્યૂસી ત્યાગપ્રધાન સંસ્કૃતિમાં શ્રદ્ધા ધરાવે છે. ત્ર્યંબક-લ્યૂસી, ગૌતમ, કલ્યાણીના ચિત્રો ત્યાગની ઉચ્ચ ભૂમિકાએ રજૂ થયા છે. આમ રાષ્ટ્રીય લડત અને સાંસ્કૃતિક અસ્મિતાનું સાયુજય અહીં જોવા મળે છે. 'ગ્રામલક્ષ્મી'માં ગ્રામ સંસ્કૃતિના નવયુગના સંદર્ભો ઊપસાવ્યા છે. ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ સર્વમાં સાંસ્કૃતિક અભિગમ સ્વીકારી વ્યકિત, કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના ઉત્કર્ષને આલેખવાનો ઉચ્ચ આદર્શ રમણલાલ એમની નવલકથાઓમાં દાખવે

છે. જો કે ગુજરાતી સમાજનું વાસ્તવિકતાની તુલનામાં આદર્શલક્ષી ચિત્ર વિશેષ ઊપસતું હોય એવું પણ જણાય છે.

ટૂંકમાં તત્કાલીન સમાજના ગાંધીકથિત વિચારોનો પરિચય અને એ દ્વારા બદલાતી સાંસ્કૃતિક વિભાવનાનું પ્રતિબિંબ આ રીતે અહીં જોઈ શકાય છે. એથી જ કદાચ તેઓને યુગમૂર્તિ સર્જક તરીકે ગુજરાતી ભાવકો, વિચારકોએ પોંખ્યા છે.

અહીં ઉપર જોયું છે તેમ રમણલાલની નવલકથાઓમાં દેશ, રાષ્ટ્ર અને સ્વતંત્રતા માટેની મથામણ, ગૃહ-કુટુંબ-સમાજ નિરૂપણ, ધર્મ-અધ્યાત્મ દર્શન, સંસ્કૃતિ ચિંતન વગેરેનું આલેખન-ચિંતન જોવા મળે છે. એમની નવલકથાઓ એ સમયગાળામાં બહુ લોકપ્રિય બની હતી. એનું કારણ હતું એમણે દોરેલા સમકાલીન સમાજની એષણા આકાંક્ષાનાં ચિત્રો. રમણલાલ ગાંધીજીના પ્રત્યક્ષ સંપર્કમાં આવ્યા ન હતા પરંતુ ગાંધીજીએ રાષ્ટ્રોદ્ધાર માટે સ્વતંત્રતાનું આંદોલન છેડયું એનાથી તેઓ પ્રભાવિત થયા હતા. આથી ગાંધીકથિત મૂલ્યો એમની કૃતિમાં ઊપસાવવા તેઓ પ્રતિબદ્ધ બને છે. ચારેય બાજુની સત્યાગ્રહની લડત અને એની આબોહવા ભારતીય પ્રજાજીવનની સાથોસાથ ગુજરાતી પ્રજાજીવનને કશુંક નવું કરવાની ચેતનાથી સંચરિત કરતી હતી. રમણલાલ આવા સ્પંદોને ઝીલી લે છે અને એને નવલકથારૂપ આપવાનો પ્રયત્ન કરે છે.

દેશ-કુટુંબ, સમાજ, ધર્મ, સંસ્કૃતિ, વગેરેને ભિન્ન-ભિન્ન રૂપે આલેખવાને બદલે એનું સમન્વિતરૂપ આલેખવાનું તેઓ સમુચિત સમજે છે. એમની નવલકથાઓના નાયકો શુદ્ધ-વ્યવહાર, આદર્શ-

પરાયણતા કે સિદ્ધાંતનિષ્ઠ હોય છે. એની નાયિકાઓ પ્રેમાળ, ઉદાર અને સમર્પણ ભાવનાથી પ્રેરિત હોય છે. પોતાના સમયની નાડ પારખીને એમણે સમાજ જીવનનાં પ્રશ્નોની સાથે પ્રણયત્રિકોણ કે પ્રેમભાવનાને મોટેભાગે સમાંતરે ગૂંથી છે. 'કોકિલા'ના નાયક જગદીશ વ્યવહારમાં પરિશુદ્ધ રહેવાના આગ્રહને વશ થઈને જીવે છે. જીવનમાં ધાર્યુ લક્ષ્ય પૂર્ણ કરવા મથામણ કરે છે. જીવનના અનેક ચઢાવ ઉતાર જુએ છે. પરંતુ જગતના અન્યાય અત્યાચાર એને માટે અસહ્ય બને છે. મનથી ભાંગી પડે છે અને વિજયા તરફ આકર્ષાય છે પરંતુ કોકિલાની કોઠાસૂઝ અને લાગણીથી ઉદાંત્તતા એને માત્ર આ ઝંઝાવાતની સામે ટકી રહેવાનું બળ જ પૂરું પાડે છે. એવું નથી પરંતુ જીવનના વિવિધ રૂપોની પ્રતીતિ કરાવે છે અર્થાત્ રમણલાલે અહી દેશભાવના, પ્રેમ, સમાજ વગેરે ઘટકોને ગૂંથીને એનું એકત્વ સીદ્ધ કર્યું છે. વચ્ચે વચ્ચે ચિંતનનું તત્ત્વ પ્રસ્તારી રૂપે આવે છે એ થોડું કઠે છે.

'દિવ્યચક્ષુ'માં આપણે ઉપર જોયું છે તેમ એમણે એ સમયે યુવાનોમાં દેશસેવાની ભરતીનો ઉછાળ ઝીલ્યો છે. સ્વાતંત્રતાની લડત અને અહિંસાને ઊપસાવવા માટે એમણે નવલકથાના પાત્રોના આંતર સંબંધો અને તેમના આંતર વિકાસને અહી દર્શાવ્યા છે. રાષ્ટ્રીય ઉત્થાન માટે મહત્વના અપૃશ્યતા નિવારણનું કલારૂપ પ્રકટાવ્યું છે. અહી રાજકીય પ્રશ્નો સત્યાગ્રહ, અહિંસા જેવા જીવનમૂલ્યો કુટુંબ, કુટુંબના સ્વસ્થ દશ્યો દામ્પત્યના ચિત્રો, પ્રેમભાવના આદિને વિવિધ પાત્રો, પ્રસંગોની ગૂંથણી દ્વારા ગૂંથીને નવલકથારૂપ આપ્યું છે . 'ભારેલો અગ્નિ' એમની અગાઉની કૃતિઓ કરતાં જુદા પ્રકારની છે એમણે

ઈતિહાસનું આલંબન લીધું છે. આલંબનના લીધે ૧૮૫૭ના આંદોલનની ભૂમિકા સ્વીકારી છે. આ સંગ્રામના ચિત્રમાં દેશના નવયુવાનોની ખુમારી, રાષ્ટ્રભકિત અને કર્તવ્યનિષ્ઠાનો કલાસંગમ રચાય છે અને આ બધાની ઉપર અહિંસાનું તત્ત્વ વિલસી રહે છે. રુદ્રદત્તનું પાત્ર જાણે કે સાક્ષાત્ અહિંસા રૂપ ધારણ કરેલ ભારતીય મૂલ્યના પર્યાય રૂપે આપણી સામે ઝળહળી ઊઠે છે.

'ગ્રામલક્ષ્મી'માં ગ્રામોદ્ધારની પ્રવૃત્તિઓની વાત કરતાં એમણે અશ્વિનને રજૂ કર્યો છે. અશ્વિન ઍંજિનિયર છે, બેકાર છે તેથી પોતાના ગામમાં પાછો ફરે છે અને ગ્રામોદ્ધારનું સ્વપ્ન સેવે છે અને સાકાર કરવા લેખકે ગ્રામજીવન, એનાં વિવિધસ્તરો અને માનવપ્રેમને સમાંતરે નિરૂપ્યા છે. નિરક્ષરતા અને અપૃશ્યતાના નિવારણને પ્રથમ ભાગમાં આલેખી એનો સામૂહિક સ્તરે વિકાસ થાય એવી યોજના આ કૃતિમાં કરી છે. સામાજિક રૂઢિઓને ફગાવી દઈ વૈચારિક જાગૃતિ લાવવાનો પ્રયત્ન વિવિધ પ્રસંગો-પરિસ્થિતિ દ્વારા કર્યો છે. આમ, ગ્રામજીવનની આર્થિક, સામાજિક, નૈતિક ઉન્નતિ માટે લેખકે વિવિધ પ્રવૃત્તિ અને પરિસ્થિતિઓનું નિર્માણ કર્યું છે અને એ દ્વારા ભારતીય પ્રજાઓની વર્તમાન આકાંક્ષાઓને ચરિતાર્થ કરી છે. અહીં પણ કુટુંબ છે, સમાજ છે. પ્રજાચેતના છે અને એ બધાને સાથે રાખીને નવલકથાકારે ગ્રામ પ્રદેશના વાસ્તવિક વાતાવરણને ઉઠાવ આપ્યો છે.

રમણલાલની કેટલીક મહત્ત્વની નવલકથાઓમાં આપણે જોયું તેમ અનેક તત્ત્વોની ગૂંથણી માંથી એકતાનું ગ્રથન કરવાનો તેમનો પ્રયત્ન છે. જો કે, આ બધાં તત્ત્વો દ્વારા રચાતું ઐકય એટલું આસ્વાદ્ય

નીવડતું નથી. કદાચ એનું કારણ એમની યુગભકિતની તીવ્રતામાં રહેલી ઓછપ પણ હોય. ગાંધીવાદ કે સામ્યવાદનું રસાયણ જે રીતે રચાવું જોઈએ એ રીતે રચાતું નથી. અલબત્ત રમણલાલે વ્યાપક ફલક ઉપર કામ કરવાનું બીડું ઝડપ્યું છે તેની અહીં નોંધ લેવી જોઈએ.

ગાંધીયુગનું દર્શન એમની ઉપર નિર્દેશેલી બધી નવલકથાઓમાં જોવા મળે છે. **"આપણા ભારત જેવા ઋષિ-મુનિઓના દેશમાં જ ગાંધીજી કોઈ કાળે કલ્પના કરી શકે."**[૧૭] એવું જે કહેવાયું છે તે 'ભારેલો અગ્નિ'ના રુદ્રદત્તના પાત્ર દ્વારા ગાંધીજીને જાણે કે મૂર્ત કરે છે. અન્ય પાત્રો દ્વારા આ ગાંધીકથિત દર્શન નવલકથારૂપ ધારણ કરે છે - 'દિવ્યચક્ષુ'માં એક બાજુ ગાંધીજીની રાષ્ટ્રીય લડત છે. તો બીજી બાજુ સામાજિક ઉદ્ધાર માટે ગાંધીમૂલ્યોનો રચનાત્મક કાર્યક્રમ છે. સાથોસાથ પાત્રો પ્રસંગો દ્વારા એમણે રાજકીય ચિત્રણ રજૂ કર્યું છે એની સાથે પશ્ચિમની સંસ્કૃતિની સારી માઠી અસર દર્શાવી છે. પૂર્વ-પશ્ચિમની વિચારધારાનું સારસ્ય અહીં નવલકથા દ્વારા તાદશ કર્યું છે. 'ગ્રામલક્ષ્મી'માં એમણે ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ, ગાંધીવાદ, સામ્યવાદની તુલના ગ્રામોદ્ધાર એટલે જ રાષ્ટ્રોદ્ધાર હિંસા-અહિંસાના તત્ત્વો, અસ્પૃશ્યતા, વર્ગભેદ વગેરે વિશ્વનું રાજકારણ અને રાજસત્તા, પ્રજાસત્તાની વિચારણા દ્વારા ગ્રામલક્ષ્મીનું એમનું સ્વપ્ન-રૂપક ચરિતાર્થ કર્યું છે. આ નવલકથાઓના જનાર્દન, રુદ્રદત્ત, અશ્વિન જેવા પાત્રો દ્વારા લેખકે ગાંધીયુગની વિચારક્રાંતિ, રાજયક્રાંતિ, સમાજક્રાંતિ અને અર્થક્રાંતિનો પરિચય આપ્યો છે. તત્કાલીન ભારતવર્ષની એક છબિ અહીં અંકાય છે. રમણલાલ એક જગ્યાએ નોંધે છે તેમ, "ગાંધીજીની

લડત એ રાજકીય લડતની સાથે સાથે નૈતિક આધ્યાત્મિક લડત પણ હતી : આર્થિક લડત પણ હતી. સક્રિય રચનાત્મક ગ્રામોદ્ધારની યોજના પણ એમાં સમાયેલી હતી. ધ્યેયને સાધન બંનેની વિશુદ્ધિ ઉપર ભાર મૂકી તેમણે આખી રાજકીય ભાવનાને પવિત્ર બનાવી. જે પવિત્રતા – પશ્ચિમનું રાજકારણ કબૂલ કરી શકયું ન હતું. એક દષ્ટિએ ગાંધીજી હિન્દના નહિ પણ સમગ્ર માનવજગતના એક મહાન રાજકીય નેતા તરીકે સ્થાન મેળવી શકયા છે."[૧૮] આમ ગાંધી સિદ્ધાંતો અને ગાંધી વિચારોને નિરૂપવા માટેની એમની ચિંતક દષ્ટિનો પરિચય થાય છે. આમ, અહીં આદર્શવાદનું નવલકથારૂપ ભારતીયતાની સૃષ્ટિ સુધી દોરી જાય છે.

રમણલાલની નવલકથાઓમાં પ્રેમભાવનાનું પ્રમાણમાં મધુરરૂપ પ્રગટ થયું છે. દરેક કૃતિમાં માનવ-માનવ વચ્ચેના સંબંધોનું હૃદયરૂપ ઊપસ્યું છે. કથા સત્યાગ્રહની ચળવળની હોય કે ઈતિહાસનું આલંબન ધરાવતી હોય પણ એમાં પ્રેમનાં રૂપો ગૂંથાયેલા જરૂર હોય. 'ભારેલો અગ્નિ'ના ગૌતમ અને કલ્યાણી, લ્યૂસી અને ત્ર્યંબક, 'દિવ્યચક્ષુ'ના અરુણ અને રંજન, અરુણ અને પુષ્પા હોય, 'કોકિલા'ના જગદીશ-કોકિલા કે વિજય-જગદીશ, હોય કે અશ્વિન અને કુસુમ કે અશ્વિન અને તારા ના સંબંધોમાં એક સ્ત્રી અને પુરુષ અથવા બે પુરુષ અને એક સ્ત્રીના વિલક્ષણ સંબંધો તો છે સાથોસાથ એમણે દામ્પત્ય જીવનના સ્વચ્છ સુરેખ ચિત્રો રચ્યાં છે. નારી જીવનની શાલીનતાને વ્યકત કરી છે અને એ સિવાયના અન્ય પાત્રોનાં એકમેક સાથેના સંબંધોની સૃષ્ટિ

માનવપ્રેમનું આહ્લાદક ચિત્ર આપે છે. આ માનવપ્રેમ સમાજજીવનનું એક અંગ છે એ રીતે એનો વ્યાપ ઊંચા ફલકે મૂકાયો છે.

રમણલાલ ગોવર્ધનરામ અને ગાંધીજીની જેમ સંસ્કૃતિ અને સમન્વયના હિમાયતી હતા.તેઓ પશ્ચિમની સંસ્કૃતિના અંધ અનુકરણમાં માનતા નહોતા આથી ગોવર્ધનરામની જેમ એમનો અભિગમ સમન્વયવાદી છે.એમના સમયમાં ગાંધી ભાવનાનો પ્રભાવ વિશેષ હતો. આથી એમના સમયની સામાજિક સાંસ્કૃતિક પરિસ્થિતિ પણ અલગ હતી. રૂઢિચુસ્ત જડ ભારતીય સંસ્કૃતિ, પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ વગેરે માટેનો તેમનો વિરોધ એમની નવલકથાઓમાં ઊપસ્યો છે. કૃષ્ણકાન્ત, સુરભિ, રંજન, ધનસુખલાલ, સુશીલા, પુષ્પા, જનાર્દન, અરુણ વગેરે પાત્રો દ્વારા રમણલાલે પશ્ચિમની સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિનો સમન્વય દર્શાવ્યો છે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતાનાં તત્ત્વોનું નવલરૂપ ‘દિવ્યચક્ષુ’માં થયેલું જણાય છે.

‘ભારેલો અગ્નિ’માં રુદ્રદત્ત ગાંધીજીની જેમ પાદરી જૉન્સનનું હૃદય પરિવર્તન કરી એણે ‘યુવાનસેન’ બનાવે છે. આ અંગ્રેજને એના અનુભવો પરથી ભારતીય સંસ્કૃતિ સ્વીકારવા જેવી લાગે છે. એમાં સર્વધર્મસમભાવ જોવા મળે છે એ ઉપરાંત સાંસ્કૃતિક સમન્વયનું તાદશ રૂપ અંકાય છે. રુદ્રદત્ત ભારતીય સંસ્કૃતિના મૂળભૂત સિદ્ધાંતોને પોતાના કાર્યો ક્રિયાઓથી મૂર્તિમંત કરે છે. નવલકથાનાં અનેક પાત્રો એમનાથી પ્રભાવિત થઈને એમનું હૃદય પરિવર્તન સાધે છે. **“આમ ભારતીય સંસ્કૃતિના પ્રભાવક તત્ત્વોનું ચિત્રણ રમણલાલની નવલકથામાં થયું છે અને પલટાતા સમાજની સાંસ્કૃતિક વિચારધારાનું દર્શન એમાં થઈ શકે**

છે. 'ગ્રામલક્ષ્મી'માં ગ્રામ સંસ્કૃતિના નવયુગનો સંદર્ભ મૂકયો છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ સર્વમાં સાંસ્કૃતિક અભિગમો સાર્થક કરી વ્યકિત, કુટુંબ, રાષ્ટ્રનો ઉત્કર્ષ સાધવો જાઈએ."[૧૯] એ આદર્શને રમણલાલ પોતાના અભિગમથી પોતાની નવલકથાઓમાં ઊપસાવે છે.

રમણલાલે ગાંધીયુગની અસર નીચે આવેલી નવી પેઢી અને તેમની પેઢીનો આછો પાતળો ખ્યાલ તો કયાંક સઘન સંઘર્ષ બતાવ્યો છે તો કયાંક રાષ્ટ્રીય ચળવળનો સંઘર્ષ દર્શાવ્યો છે. એ રીતે ગાંધીયુગીન સમાજમાં બદલાતી સાંસ્કૃતિક વિભાવનાનું પ્રતિબિંબ ઝીલ્યું છે.

ગોવર્ધનરામની જેમ રમણલાલે પણ ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં રાષ્ટ્રીયતાની ભાવના પ્રગટ કરી છે રમણલાલે સમાજ દર્શન કરાવ્યું છે એની સાથે સાંસ્કૃતિક મૂલ્યોની ગૂંથણી પણ કરી છે. એમ પણ કહી શકાય કે,"તત્ સંદર્ભે એમનું ધ્યાન યુગલક્ષી પ્રશ્નો પર વિશેષ કેન્દ્રિત થયું છે."એમણે 'કલ્યાણગ્રામની યોજના'ના ગગનગામી આદર્શને 'ગ્રામલક્ષ્મી 'ના ઉદ્ધારના સજીવ ચિત્રોથી વિશેષ વાસ્તવિક ભૂમિકા પૂરી પાડી, એ કલ્પનાને મૂર્ત કરવાનો એકંદરે સારો પ્રયાસ કર્યો. એમણે પતિતાનું , ગુનેગારનું, સ્વરાજ સાધનાનું, ત્રીસ વર્ષના ગાળાના ગુજરાતના ત્રિવિધ પુરુષાર્થનાં સ્વપ્નનું સફળ નિરૂપણ કરીને રાષ્ટ્રીય અસ્મિતાની જયોતને જલતી રાખી છે"[૨૦] – આ વિધાન સમુચિત લાગે છે.

ગ્રામજીવનની આર્થિક, સામાજિક, નૈતિક ઉન્નતિ માટે જે પ્રવૃત્તિ સૂઝી તે દ્વારા લેખકે ગાંધીમૂલ્યોને ચરિતાર્થ કરતાં જઈ છેવટે ભારતીય પ્રજાની વર્તમાન આકાંક્ષાઓને મૂર્ત થતી બતાવી છે.

ગોવર્ધનરામની જેમ અહીં પણ કુટુંબ અને સમાજ છે પણ સ્ત્રી પાત્રોના આલેખનમાં રમણલાલની સર્ગશકિત કંઈક ઓછી પડતી જણાય છે. છેવટે એમ કહી શકાય કે, જયારે આપણું ભારત અસ્મિતા ઝંખતું હતું, મૂંઝવણ, મંથન અનુભવતું હતું, કંઈક અંશે ક્રાંતિની વેદનાથી પીડાતું હતું. રાષ્ટ્રીય પુનઃરુત્થાનને માટે જે કંઈ આવશ્યક હતું તે રમણલાલે પોતાના નવલકથા લેખન વડે યત્કિંચિત રાષ્ટ્રના ચરણે ધર્યું હતું.

**સંદર્ભસૂચિઃ**


૧. દેસાઈ, રમણલાલ વ., 'કોકિલા', આર. આર. શેઠની કંપની, અમદાવાદ, આવૃત્તિ- ૧૯૯૨, પૃ.૧૬૨

૨. એજન – પૃ. ૨૮૪

૩. દેસાઈ, રમણલાલ વ., 'ભારેલો અગ્નિ', આર. આર. શેઠની કંપની, અમદાવાદ, આવૃત્તિ - ૨૦૦૩, પૃ.૬૫

૪. એજન – પૃ. ૭૩

૫. એજન – પૃ. ૧૦૮

૬. એજન – પૃ. ૨૯૪

૭. દેસાઈ, રમણલાલ વ., 'કોકિલા', આર. આર. શેઠની કંપની, અમદાવાદ, આવૃત્તિ - ૧૯૯૨, પૃ.૧૬૨

૮. એજન – પૃ. ૭૯

૯. એજન – પૃ. ૨૩૦

૧૦. દેસાઈ, રમણલાલ વ., 'દિવ્યચક્ષુ', આર. આર. શેઠની કંપની, અમદાવાદ, આવૃત્તિ - ૨૦૦૫, પૃ.૨૧૮

૧૧. દેસાઈ, રમણલાલ વ., 'ભારેલો અગ્નિ', આર. આર. શેઠની કંપની, અમદાવાદ, આવૃત્તિ - ૨૦૦૩, પૃ.૨૪૭

૧૨. એજન –પૃ. ૩૨૪

૧૩. એજન – પૃ. ૨૯૪

૧૪. એજન – પૃ. ૧૦૮

૧૫. દેસાઈ, રમણલાલ વ., ‘દિવ્યચક્ષુ’, આર. આર. શેઠની કંપની અમદાવાદ, આવૃત્તિ - ૨૦૦૫, પૃ.૪૮૩

૧૬. ગાંધી, સી. એચ. - ‘સુહાસી’, ‘ગુજરાતી નવલકથાઓમાં રાષ્ટ્રીય અસ્મિતા’, અભિનવ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ- ૧૯૭૩ પૃ. -૨૩૯

૧૭. એજન – પૃ. ૨૧૫

૧૮. એજન – પૃ. ૨૨૧

૧૯. એજન – પૃ. ૨૪૦

૨૦. એજન – પૃ. ૨૪૫